

ભારતવર્ષની અતિથિસત્કારની ભાવના

'શમેર' નામના કલકત્તાના એક યુવકે પોતાના જીવનનો એક પાવક પ્રસંગ નોંધ્યો છે. તેના જ શબ્દોમાં તે નીચે આપ્યો છેઃ

નાનપણથી જ મને પગપાળા ચાલવાનો શોખ છે. આધુનિક જમાનામાં વાહનવ્યવહારનાં ઉત્તમ સાધનો હોવા છતાં, બને ત્યાં સુધી પગપાળા મુસાફરી કરવાનું હું પસંદ કરું છું. જે આનંદ પગે મુસાફરી કરવામાં આવે છે તે બસ કે રેલ્વેની મુસાફરીમાં મળતો નથી, એટલે ગઈ સાલ જ્યારે અમે ચાર મિત્રોએ વિજયગઢના કિલ્લાની મુલાકાત લેવાનો કાર્યક્રમ યોજ્યો ત્યારે એમ નક્કી કર્યું કે મિરજાપુરથી વિજયગઢના કિલ્લા સુધીની સાઠ માઈલની મુસાફરી પગપાળા જ કરવી.

રસ્તાની બંને બાજુ વૃક્ષોની ગીચોગીચ હારમાળા અને ભયાનક જંગલ હતું.

વસ્તીનું ક્યાંય નામોનિશાન દેખાતું નહોતું. વચમાં કોઈકવાર કોઈ રડીખડી મોટર કે ખટારો અમારી નજીકથી પસાર થતો હતો.

રોબર્ટ્સગંજ સુધી જતી મોટર ઘણા વખત પહેલાં ઊપડી ગઈ હતી.

અગિયાર વાગવા આવ્યા હતા મુસાફરીનો થાક અને સમયને લીધે પેટમાં ભૂખ બરાબર લાગી હતી.પરંતુ અહીં હોટલ કેવી કે દુકાન કેવી ? એટલે કંઈક લઈને ખાઈએ પણ ક્યાંથી ? અમારા ગણ્યા–ગાંઠ્યા સામાનનું પોટલું ખભે ભેરવીને અમે આગળ વધી રહ્યા હતા. એ સાથે જ અમારી ભૂખ પણ વધી રહી હતી.

આમ કલાકેક ચાલ્યા હોઈશું ત્યાં કોઈ ગામ જેવું નજરે પડયું.

બારેક વાગ્યાના સુમારે અમે એ ગામમાં પહોંચી ગયા.

ગામ તે કંઈ ગામ હતું? વેરવિખેર પથરાયેલી વીસપચીસ ઝૂંપડીઓ હતી.

પહેલી જ ઝૂંપડીના આંગણામાં એક વૃદ્ધ ખાટલો ઢાળીને બેઠો હતો. અમને જોતાં જ ઊભો થઈને અમારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો : 'ભાઈઓ, દૂરથી આવતા લાગો છો! આવો, બેસો, ઘડી વિસામો કરો.' વૃદ્ધના એ નિમંત્રણમાં,આવકારમાં શબ્દોનો આડંબર ઓછો હતો, પ્રેમ અને મમતા વધુ હતી.

અમે ચાર જણા ખાટલામાં 'હાશ' કરીને બેસી ગયા.

વૃદ્ધે નમ્રતાથી કહ્યું: 'ભાઈ,ઘરમાં લૂખુંસૂકું થોડુંક પડયું છે તે ખાઈને જ જજો.'

પેટમાં ભૂખ તો કકડીને લાગી જ હતી,એટલે ના પાડવાનો સવાલ જ ક્યાં હતો ?

અમે ચાર જણા જમવા બેસી ગયા. જમ્યા પછી અમે પોતપોતાની થાળી માંજવા માટે ઉપાડી. પરંતુ વૃદ્ધે અમને પ્રેમપૂર્વક ના પાડી અને અમારા હાથમાંથી થાળીઓ લગભગ ઝૂંટવી લીધી એમ કહું તો ચાલે. કોઈ પણ રીતે અમને થાળી માંજવા ન દીધી તે ન જ દીધી. એક પિતાતુલ્ય વૃદ્ધ અમારા દેખતા ડોળે અમારી થાળીઓ માંજે એ જોઈને અમે બહુ શરમ અનુભવતા હતા.

અમે વૃદ્ધ આગળ ઘણી દલીલો કરી, પરંતુ વૃદ્ધની આતિથ્યનિષ્ઠા આગળ સઘળું નિષ્ફળ નીવડયું

પછી અમે ઝૂંપડીની સામેના જ ઝાડની છાંયામાં સૂઈ ગયા.

થાકને લીધે ઊંઘનું ઝોકું આવી ગયું. પરંતુ હજુ આંખો પૂરી મિંચાઈ નહોતી, ત્યાં કોઈ બરછટ વસ્તુના સ્પર્શથી ઊંઘ ઊડી ગઈ.

આંખો ઉઘાડીને જે જોયું તેનાથી શરમ અને આશ્ચર્યમાં ડૂબી ગયા.

જોયું તો પેલા વૃદ્ધ મહાશય અમારાં વાસણ માંજી કરીને અમારા–તેમના મહેમાનોના પગ દબાવવા લાગ્યા હતા–મુસાફરીનો અમારો થાક દૂર કરવા !

મહામુસીબતે વૃદ્ધને અમે તેમ કરતા રોક્યા.

કેવો નિશ્ચળ પ્રેમ ! અતિથિસત્કારની કેવી નિઃસ્વાર્થ ભાવના ! ભારતવર્ષ જે તેનાં અનોખા અતિથિસત્કાર માટે મુલ્કમશહૂર છે, તેનાં રહ્યાસહ્યા અવશેષ અમને અહીં જોવા મળ્યા.

લેખક : શિવમ્‌સુંદરમ્‌